તલાટી ભરતી કૌભાંડમાં ડેપ્યુટી સેકશન ઓફીસરની ધરપકડ

નાયબ સેકશન અધિકારી રિતેશ નાયકે ૮ ઉમેદવારો ચંપાવત પાસે મોકલીને રૂ. ૨૫-૨૫ હજાર કમીશન લીધું હતું : એલસીબીએ ચાર સાક્ષીઓનાં નિવેદન લીધા

ગાંધીનગર, તા.૧૯

રાજયભરમાં ચકચારી બનેલા તલાટી ભરતી કૌભાંડ પ્રકરણમાં આરોપી ચંપાવતની ઝીણવટભરી પુછતાછમાં શિક્ષણ વિભાગમાં ડે. સેકશન ઓફીસર તરીકે ફરજ બજાવતા રિતેશ નાયકનું નામ ખુલતા ગાંધીનગર એલસીબીએ ડીવાયએસઓ રિતેશની ધરપકડ કરી લીધી છે. રિતેશ નાયકે નોકરી વાંચ્છુક આઠ પાડોશી ઉમેદવારોને તલાટી બનાવવા ચંપાવત પાસે મોકલ્યા હતાં.

તે તમામ ઉમેદવાર પેટે ચંપાવત પાસેથી રૂ. ૨૫-૨૫ હજાર કમીશન લીધું હોવાનું તપાસમાં ખુલ્યું છે.

એલસીબી પી.આઈ. આશુતોષ પરમારનાં જણાવ્યા પ્રમાણે તલાટી ભરતી કૌભાંડના આ ગુનામાં મુળ સરઢવ ગામના અને હાલ સેકટર-૨૨ 'જ' ટાઈપમાં રહેતા રિતેશ ભરતભાઈ નાયકને રહેમરાહે નોકરી મળી હતી. રિતેશ નાયક હાલ િશ ક ા ણ વિભાગમાં ડેપ્યુટી સેકશન ઓફીસર (ડી.વાય.એસ.ઓ.) તરીકે નોકરી કરે છે. રિતેશ નાયકનું નામ કલ્યાણસિંહ ચંપાવતની પુછપરછમાં ખુલતા આજે તેની ધરપકડ કરી લેવામાં આવી છે. રિતેશ ની ભુમિકા એ હતી કે તેણ તેના પાડોશમાં રહેતા આઠ ઉમેદવારોને ચંપાવતને ત્યાં મોકલ્યા હતા જે આઠ પૈકી સાત ઉમેદવારો પાસેથી રૂ. ૧-૧ લાખ પ્રાથમિક તબક્કે લેવાયા હતા જયારે એક ઉમેદવારના રૂ. ૭ લાખ લેવાયા હતા. આઠેય ઉમેદવાર મોકલવા બદલ ડીવાયએસઓ રિતેશને ઉમેદવાર દીઠ રૂ. ૨૫-૨૫ હજાર ચંપાવતે કમીશન પેટે આપ્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. તે ઉપરાંત એલસીબી પોલીસે આ ગુનામાં ભોગ બનનાર ઉમેદવારો પૈકી ચાર સાક્ષી ઉમેદવારોના નિવેદન લઈ વધુ પુછતાછ ચાલુ રાખી છે.

એજન્ટ નિશલના ઘરેથી વધુ ઓગણીસ લાખ મળ્યા...!

ગાંધીનગર એલસીબીની એક ટીમે ચંપાવત સાથે ઝડપાયેલો એજન્ટ (વચેટીયો) નિશલ શાહના અમદાવાદ નારણપુરાના મકાને સર્ચ કર્યું હતું. મકાનની ઝડતી દરમિયાન તેના મકાનમાંથી પોલીસની ટીમને વધુ રૂ. ૧૯ લાખ મળી આવતા પોલીસે રૂપિયા રિકવર કરી પુછતાછ શરુ કરી છે. આ બિનહિસાબી ૧૯ લાખ કયાં ઉમેદવારોના હતાં? તે સહિતની તપાસ શરુ કરવામાં આવી છે.

ભાજપનાં પ્રશંસક બાબા રામદેવ સાથે પણ કૌભાંડ કીંગના સંપર્ક...!

સોશ્યલ સાઈટસ પર બાબા રામદેવ સાથેની કલ્યાણસિંહ ચંપાવતની તસવીરો ફરતી થઈ

ગાંધીનગર, તા.૧૯

એક તરફ ભાજપ પક્ષ તલાટી ભરતી કૌભાંડમાં ઝડપાઈ ગયેલા

કલ્યાણસિંહ ચંપાવત સાથે પક્ષને કોઈ લેવા દેવા ન હોવાના દાવા કરી રહ્યું છે ત્યારે ભાજપનાં વિવિધ મંત્રીઓ ઉપરાંત મુખ્યમંત્રી સાથે પણ એક મંચ પર ચંપાવતની તસવીરો બહાર આવતા ભાજપના દાવા પર પ્રશ્નો ઉભા થયા છે. તો બીજી તરફ ભાજપનાં પ્રશંસક એવા યોગગુરુ બાબા રામદેવ સાથે પણ કૌભાંડ કીંગ ચંપાવતના સંપર્ક હોવા અંગેના પુરાવા તસવીર સ્વરૂપે સોશ્યલ સાઈટ્સ પર વહેતા થયા છે.

તલાટી ભરતી કૌભાંડ : 'ચંપાવત સ્માર્ટ યોજના' ફરતી થઈ...!

'૧૦ લાખ જેવી નજીવી કિંમતે મેળવો સરકારી નોકરી', 'દરેક બેરોજગાર યુવાનો માટે વિચારે છે સરકાર' સહીતના મુદ્દાઓ સમાવતી ફોટો ઈમેજ વોટ્સએપ પર ફરતી થઈ

ગાંધીનગર, તા.૧૯

સમગ્ર રાજયમાં ચકચાર મચાવી દેનાર તલાટી ભરતી કૌભાંડમાં મુખ્ય સુત્રધાર કલ્યાણસિંહ ચંપાવતના ભાજપ કનેકશન બહાર આવી રહ્યા છે ત્યારે વૉટસએપ તથા અન્ય સોશ્યલ સાઈટસ પર બોગસ યોજના 'ચંપાવત સ્માર્ટ યોજના'ના નામે મુખ્યમંત્રી મોદીના ફોટો સાથેની ફોટો ઈમેજ ફરતી થતા ચર્ચાએ જોર પકડયું છે.

'ચંપાવત સ્માર્ટ યોજના' ના શિર્ષક હેઠળ તૈયાર થયેલી અને ફરતી થયેલી આ ફોટો ઈમેજમાં એક તરફ મોદીનો ફોટો છે અને તેમાં ચંપાવત અને ભરતીના ઉમેદવારોને સ્પર્શતા કેટલાક મુદ્દાઓ સમાવવામાં આવ્યા છે. રાજયના યુવાનો જેઓ પોતાની મહેનતથી પરીક્ષા પાસ નથી કરી શકતા અને જેમની પાસે પૈસાની અછત નથી તેવા ઉમેદવારો માટે 'ચંપાવત સ્માર્ટ યોજના' '૧૦ લાખ જેવી નજીવી કિંમતે મેળવો રૂ. ૫૩૦૦ની (દર મહીને) સરકારી નોકરી', '૨૦૦૦થી વધુ યુવાનો આ યોજનાનો લાભ લઈ ચુકયા છે', 'દરેક બેરોજગાર યુવાનો માટે વિચારે છે આ સરકાર' જેવા મુદ્દાઓનો ફોટો ઈમેજમાં સમાવેશ કરી આ કૌભાંડને સરકારી એક યોજનાની જેમ જ પ્રસ્તુત કરવામાં આવી છે. મોદીના ફોટોની બાજુમાં લખ્યું છે '૧૧ વર્ષથી... દેશમાં સૌથી વધારે રોજગાર આપ્યા છે, અને આપીશું...' 'સૌનો સાથ, સૌનો વિકાસ...!'

ગાંધીનગરના કવિ હર્ષદ ત્રિવેદીને કવિશ્વર દલપતરામ એવોર્ડ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર સ્થિત ગુજરાતી ભાષાના જાણીતા કવિ શ્રી હર્ષદ ત્રિવેદીને કવિ દલપતરામ એવોર્ડ ૨૧મી ફેબ્રુઆરીએ વઢવાણ ખાતે પૂ. મોરારીબાપુના હસ્તે એનાયત કરવામાં આવશે. હર્ષદભાઈ ત્રિવેદી ગાંધીનગરની સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથે ઓતપ્રોત રહ્યા છે. ગુજરાતી સાહિત્ય અકાદમીના મહામાત્ર તરીકે તેઓ સેવા આપી રહ્યા છે. 'શબ્દસેતુ' નામના ગુજરાતી ભાષાના ઉત્કૃષ્ટ સાહિત્યનું તેઓ સંપાદન કરે છે. ચાર કાવ્ય સંગ્રહો, એક વાર્તા સંગ્રહ એક બાળવાર્તા સંગ્રહ ઉપરાંત એક વિવેચન ગ્રંથનું પણ તેમણે સર્જન કર્યું છે.

વઢવાણના 'વર્ધમાન વિકાસ સેવા ટ્રસ્ટ' દ્વારા ગુજરાતી સાહિત્યમાં કવિતા ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન કરનાર કોઈ એક લબ્ધ પ્રતિષ્ઠિત કવિને દર વર્ષે રૂપિયા ૨૫ હજારના રોકડ પુરસ્કાર અને સન્માનપત્રથી સન્માનવામાં આવે છે. વર્ષ ૨૦૧૪નો આ એવોર્ડ તારીખ ૨૧ ફેબ્રુઆરીના રોજ

● અનુસંધાન પાન-૭ પર

શુભ-લાભ આવાસોનો ચોમાસા પૂર્વે કબજો સોંપાશે

લાભાર્થીઓને ઝડપથી મકાનનો કબજો સોંપી દેવા પણ ગુડાનું તંત્ર ઉત્સુક

ગાંધીનગર, તા.૧૯

ગુડાની શુભ-લાભ આવાસ યોજના અન્વયે લાભાર્થીઓને ગેસ લાઈનની સુવિધા પણ પૂરી પાડવામાં આવશે. જયારે આગામી ચોમાસા પૂર્વે લાભાર્થીઓને આવાસોનો કબજો સોંપી દેવા પણ તંત્રએ તૈયારી દર્શાવી છે.

ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે ગુડા દ્વારા મુખ્યમંત્રી ગૃહ યોજના અન્વયે રાયસણ, અડાલજ અને ચિલોડામાં આવાસ બનાવવાનું કામ હાથ ધરાયું છે. જયારે શુભ-લાભ આવાસ યોજના અન્વયે ગત સપ્તાહ દરમિયાન કોમ્પ્યુટરાઈઝ ડ્રોની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેના અંતે યોગ્ય લાભાર્થીઓને આવાસની ફાળવણી કરવામાં આવી છે. બીજી તરફ આવાસના રહીશોને લીફટની સુવિધા પૂરી પાડવા પણ ગુડા દ્વારા ટુંકમાં કામગીરી હાથ ધરવામાં આવશે. આ મામલે ટૂંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે. આ ઉપરાંત શુભ-લાભ આવાસ યોજના અન્વયે લાભાર્થીઓને ઝડપથી મકાનનો કબજો સોંપી દેવા પણ ગુડાનું તંત્ર ઉત્સુક છે. હાલ રાયસણમાં આવાસ યોજનાનું કામ પ્રગતિ હેઠળ છે. જયારે આ યોજના હેઠળના લાભાર્થીઓને આગામી ચોમાસા પૂર્વે મકાનોનો કબજો સોંપી દેવા પણ ગુડાના તંત્રએ તૈયારી દર્શાવી છે. વધુમાં આવાસોમાં આમ નાગરિકોને યોગ્ય સુવિધા ઉપલબ્ધ થાય તેનો પણ પુરતો ખ્યાલ રાખવામાં આવ્યો છે. આવાસ યોજનાના લાભાર્થીઓને ગેસ પાઈપ લાઈનની સુવિધા પણ પુરી પાડવામાં આવશે. આ અન્વયે ટૂંક સમયમાં આખરી આયોજન પણ કરી દેવાશે.

ગેસ પાઈપલાઈનની સુવિધા પણ પૂરી પાડવામાં આવશે

પંચાયત અગ્રણી નગીનદાસ શાહનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના અગ્રણી અને શહેરના જાણીતા વેપારી શ્રી નગીનદાસ શાહનું જૈફ વયે દુઃખદ અવસાન થયું છે.

શ્રી નગીનદાસ શાહ ગાંધીનગર નજીકના રાંધેજા ગામના વતની હતા. તેઓએ શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે પણ નોંધનીય સેવાઓ આપી હતી.

સ્વ. શાહનું બેસણું આજે તા. ૨૦મી ફેબ્રુઆરીના રોજ તેમના સે-૨૨માં રચના સોસાયટી ખાતેના નિવાસસ્થાને સવારે ૯ થી ૧૨ દરમિયાન રાખવામાં આવેલ છે.

ઈનોવેટીવ આઈડિયા આપનાર જિલ્લાના પાંચ બાળકોનું અબ્દુલ કલામના હસ્તે સન્માન

ગ્રામભારતી ખાતે નેશનલ ઈનક્લ્યુસીવ ઈનોવેશન સેન્ટર ફોર ડેવલપમેન્ટનું ખાતમુર્હુત

ગાંધીનગર, તા.૧૯

રાષ્ટ્રીય નવ-વર્તન -તિષ્ઠાન, ભારત દ્વારા સમન્વયિત રાષ્ટ્રીય સમાવેશી નવ-વર્તન વિકાસ કેન્દ્ર (નેશનલ ઈનકલ્યુસીવ ઈનોવેશન સેન્ટર ફોર ડેવલપમેન્ટ)નું ખાતમુહુર્ત આજરોજ ભારત રત્ન અને પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી એ.પી.જે અબ્દુલ કલામના હસ્તે ગાંદીનગર જિલ્લાના અમરાપુર ગામની ગ્રામ ભારતી સંસ્થા ખાતે કરવામાં આવ્યું હતું. આ -સંગે શ્રી અબ્દુલ કલામના હસ્તે લેખક શ્રી સ્વ. ગંગાબેન -ણશંકર યાજ્ઞિકના હુનર મહાસાગર હિન્દી પુસ્તકનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તેમજ ઈનોવેટીવ આઈડિયા આપનાર જિલ્લાના પાંચ બાળકોનું પણ શ્રી અબ્દુલ કલામે સન્માન કર્યુ હતું.

આ -સંગે પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી એ.પી.જે. અબ્દુલ કલામે જણાવ્યું હતું કે, ગાંદ્યીની વિચારદ્યારા સાથે સંકાળયેલ ગ્રામભારતી સંકુલમાં આવવાથી મને ખૂબ જ આનંદ થયો છે. સહજ અને સરલ જ્ઞાનને સમાજમાં માન્યતા અને સન્માન અપાવવાના ઉમદા આશયથી અને સમાજમાંથી આવું જ્ઞાન લુપ્ત થતું બચાવવા માટે જ હુનર મહાસાગરનું હિન્દીમાં -કાશનમાં કરવામાં આવ્યું છે, આ -યાસથી જ્ઞાન પુસ્તકના સ્વરૂપમાં વર્ષો સુદ્યી ઉપયોગી બની રહેશે.

શ્રી અબ્દુલ કલામે સ્વ. શ્રી મોતીભાઈ ચૌદ્યરીને યાદ કરી કહ્યું હતું કે, તેમણે ડેરી બનાવવાનું સ્વપ્ન સેવ્યું હશે. ત્યારે તેઓ અનેક મુશ્કેલીઓ, પડકારો અને

● અનુસંધાન પાન-૭ પર

PUBLIC NOTICE

Process No. 35/ Adv Manya

BEFORE THE HON DISTRICT JUDGE THANE BEFORE THE COURT OF MEMBER, MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL THANE

M.A.C.P No. 39/2013

Shri. Ramanpuri Shankar Puri Goswami ... Applicants

V/s.

The Oriental Insurance Company Ltd. ... Opponents

To

Mr. Prakash C. Bhanushali

Whereas the above named applicant has filed Accident Claims Application for the compensation of Rs. 5,00,000/- in the Tribunal against you & others.

You are hereby given notice to appear in the Tribunal in person or by pleader duly instructed and to file your say on or before 21/3/2014 at 10.30 a.m. failing which the said application will be heard in your absence and determined ex-parte.

Given under my hand and seal on this 01 day of 02, 2014.

By Order

Sd/-

(R.D. Jadhav)

Clerk

M.A.C.T. Thane

Sd/-

(S.S. Hirve)

Superintendent,

M.A.C.T. Thane

ન્યૂ ગાંધીનગર વિસ્તાર માટે રુદ્રભૂમિ અંતિમધામ તૈયાર

ગાંધીનગર, તા.૧૯

ન્યૂ ગાંધીનગરના વિસ્તારમાં ગુડા દ્વારા રુદ્રભૂમિ અંતિમધામ તૈયાર કરી દેવાયું છે. આ અંતિમધામનું સંચાલન ટૂંક સમયમાં ગુડા દ્વારા સેવાભાવી સંસ્થાને સોંપી દેવાશે. નવ વિકસિત વિસ્તારમાં સ્મશાન બનાવવાની જૂની માંગણીનો પણ અંત આવ્યો છે.

ન્યૂ ગાંધીનગરના વિકાસને ધ્યાને લઈ ગુડા દ્વારા સરગાસણમાં નવું સ્મશાન તૈયાર કરી દેવાયું છે. શહેરના સીમાડે જીઈબી પાસે સ્થિત સ્મશાનને કરોડોના ખર્ચે વિકસાવી મુકિતધામ નામ આપવામાં આવ્યું છે. જયારે છેલ્લા કેટલાક વર્ષોથી ન્યૂ ગાંધીનગર વિસ્તારને અનુલક્ષી નવું સ્મશાન બનાવવા પ્રબળ માંગ ઉઠવા પામી હતી. આખરે ગુડા દ્વારા નવવિકસિત વિસ્તારને ધ્યાને લઈ કપાતમાં મળેલા પ્લોટમાં સ્મશાન બનાવવાનો નિર્ણય લીધો હતો. જેના અંતે દાયકાઓ બાદ નવા ગાંધીનગરમાં પણ હવે નાગરિકોને અંતિમધામની સુવિધા પ્રાપ્ત થશે. ગુડા દ્વારા અંતિમધામને રુદ્રભૂમિ નામ આપવામાં આવ્યું છે. બીજી તરફ અંતિમધામનું સંચાલન કોઈ સેવાભાવી સંસ્થાને સોંપવા પણ નિર્ણય લેવાયો છે. ગુડા કક્ષાએથી આગામી સમયમાં આ મામલે નિર્ણય લઈ કોઈ સ્વૈચ્છિક સંસ્થાને સ્મશાનના

● અનુસંધાન પાન-૭ પર

અંતિમધામનું સંચાલન સેવાભાવી સંસ્થાને સોંપાશે

આજે ગાંધીનગરમાં જનજાગૃતિ માટે જળરેલી

ગાંધીનગર, તા.૧૯

ગ્રામ્ય વિસ્તારોમાં વસતા દરેક પ્રજાજનોને સ્વચ્છ અને પુરતા પ્રમાણમાં પીવાનું પાણી મળી રહે તે માટે રાજ્યકક્ષાથી માંડીને ગ્રામ્ય કક્ષા સુધી જાગૃતિ લાવવા રાજ્યમાં તા. ૨૦મી ફેબ્રુઆરીથી જાગૃતિ સપ્તાહની ઉજવણી કરવામાં આવનાર છે.

જાગૃતિ સઙ્ગાહની ઉજવણીના ભાગરૂપે પાણીપુરવઠા વિભાગ દ્વારા આગામી તા. ૨૦મી ફેબ્રુઆરીના રોજ સવારે ૯.૦૦ વાગે ગાંધીનગર ખાતે સેક્ટર ૬થી એક રેલી યોજાનાર છે પાણી પુરવઠા મંત્રી શ્રી બાબુભાઈ બેખીરીયા આ રેલીને લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવશે. આ રેલી સેક્ટર ૧૨ના આંબેડકર હોલ સુધી જશે અને આ રેલીમાં વિવિધ પાણી સમિતિના સભ્યો, પાણી પુરવઠા સાથે સંકળાયેલા અધિકારીઓ અને તજજ્ઞો તથા શાળાના બાળકો ભાગ લેશે અને પીવાના પાણી અંગેની જાગૃતી લાવવાનો સંદેશો ઘરે ઘરે ફેલાવશે આ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે પીવાના પાણી અંગેના વિવિધ સેમીનારો, પરિસંવાદ ચર્ચાસભા, વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com